SPIRITUAL DEVELOPMENT CENTER
આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર
ૐ



# SPIRITUAL DEVELOPMENT CENTER

## આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર ઉજવે છે

# નવરાત્રી મહોત્સવ - ૨૦૧૧



## સપ્ટેમ્બર ૨૮, બુધવાર થી ઓક્ટોબર ૫, બુધવાર સુધી

પરમ ભગવદીય સત્સંગીજનો

માતાજીની અસીમ કૃપા અને આપ સર્વે ભગવદીય હરિભક્તોના સહકારથી આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર નવરાત્રી મહોત્સવ ઘણી જ પવિત્રતાથી ઉજવે છે. નવરાત્રી દરમ્યાન માતાજીની સ્તુતિ, પૂજા, ગરબા-રાસ, થાળ, આરતી, પ્રસાદ વગેરે માતાજીની પ્રસન્નતા માટે કરવામાં આવે છે. આપ સૌને શ્રદ્ધા-ભક્તિથી નવરાત્રીમાં ભાગ લઈ, માતાજીની કૃપા પ્રાપ્ત કરવા માટે હાર્દિક આમંત્રણ છે. ચાલુ વર્ષના નવરાત્રી ઉત્સવની વધુ માહિતી નીચે પ્રમાણે છે.

પ્રારંભઃ સપ્ટેમ્બર ૨૮, બુધવાર થી ઓક્ટોબર ૫, બુધવાર સુધી

સમયઃ દરરોજ રાત્રે ૮ થી ૧૧

સ્થળઃ જીમ્નેશ્યમ, પબ્લિક સ્કૂલ ૨૨૦
૬૨-૧૦, ૧૦૮ સ્ટ્રીટ, (એલ.આઈ.ઈ. અને ૧૦૮ સ્ટ્રીટના કોર્નર ઉપર) ફોરેસ્ટ હિલ્સ, ક્વીન્સ, ન્યુ યોર્ક

માર્ગદર્શનઃ
- L. I. Expwy ઉપરથી ૧૦૮ સ્ટ્રીટની એક્ઝિટ લેવી.
- G. C. Pkwy (West) ઉપરથી 69th Road (West) Exit લઈ ૧૦૮ સ્ટ્રીટ ઉપર આવી રાઈટ ટર્ન લઈ L.I. Expwy સુધી આવવું.
- G. C. Pkwy (East) ઉપરથી Midtown Tunnel ની Exit લઈ ૧૦૮ સ્ટ્રીટ ઉપર લેફ્ટ લેવો.

વિનંતીઃ

૧. PARKING: સ્કૂલના આગળના ભાગમાં જે કારો પાર્ક કરવાની જગ્યા છે ત્યાં કાર પાર્ક કરવી નહીં. ૧૦૮ સ્ટ્રીટ ઉપર મુની મીટર સાંજના સાત વાગ્યા સુધી અમલમાં હોય છે. સાત વાગ્યા પછી પારકીંગ ફ્રી છે. આથી હરિભક્તોને વિનંતી છે કે તમારી કારના પેસેન્જરોને ગરબાના હોલ પાસે ઉતારી ૧૦૮ સ્ટ્રીટ ઉપર કાર પાર્ક કરશો તો પારકીંગમાં સરળતા રહેશે.

૨. લહાણીઃ તમારી ઇચ્છા નવરાત્રીના ગરબામાં માતાજીની લહાણી વહેંચવાની હોય તો શ્રી ડાહ્યાભાઈ અથવા કમિટી મેમ્બરનો સંપર્ક સાધવા વિનંતી છે. કેન્દ્ર તરફથી લહાણી વહેંચવામાં આવતી નથી.

૩. ગરબાના વિસ્તારમાં રહેતા નાગરિકોને ખલેલ ના પડે એટલા માટે ગરબાના હોલની બહાર ઘોંઘાટ કરવો નહીં અને કારના હોર્ન વગાડવા નહીં.

૪. ગરબાના પ્રવેશદ્વાર પર સલામતી અધિકારીને સભાસદ કાર્ડ બતાવવું.

૫. ગરબાનો હોલ ભક્તજનો માટે માતાજીનું પવિત્ર મંદિર છે. આથી હોલમાં બાળકો દોડાદોડી, બૂમાબૂમ ના કરે, દાંડિયા પછાડે નહીં અને ગારબેજ નાખે નહીં, તેની તકેદારી બાળકોના વાલીઓએ ખાસ રાખવી. જે બાળક શાળામાં ભાંગફોડ કરશે તેના વાલીએ નુકસાની આપવી પડશે.

૬. હરિભક્તો પોતાની ઇચ્છા પ્રમાણે માતાજીનો પ્રસાદ લાવી શકે છે. સ્કૂલની મેનેજમેન્ટ તરફથી હોલના ફ્લોર ગંદા અને ચિકણા થવાની ફરિયાદ આવી છે. આથી સર્વે હરિભક્તોને નમ્ર વિનંતી છે કે ખીર, છીણેલુ કોપરુ અને શિરાનો પ્રસાદ લાવવો નહીં.

૭. દરરોજ માતાજીની એક જ આરતી સંસ્થા તરફથી થશે, માટે વ્યક્તિગત આરતી લાવવી નહીં.

૮. માતાજીના ગરબાના હોલનું દરરોજ અંદાજી ભાડું ૨૫૦ ડોલર થાય છે. દાનનો ચેક Spiritual Development Center, Inc. ના નામે લખશો. દાન કરમુક્ત છે.

# દુર્ગાષ્ટમીનો હવન

## ઓક્ટોબર ૪, મંગળવાર, સવારના ૧૦ વાગે

માતાજીની કૃપાથી દુર્ગાષ્ટમીનો હવન પરમ ભગવદીય અસ્મીતાબેન અને ભૂપેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને ૫૮-૩૪, ૧૯૨ સ્ટ્રીટ, ફ્રેસ મેડોઝ, ક્વીન્સમાં રાખવામાં આવ્યો છે. હવનની સેવા માટે કેન્દ્ર તેમનો આભાર માને છે. માતાજીના હવનમાં બેસવા માટે પરમ ભગવદીય ભૂપેન્દ્રભાઈ પટેલને ૩૪૭-૯૨૩-૭૭૪૪ ઉપર ફોન કરી આપનું નામ લખાવવા વિનંતી છે.

--------------------

# માતાજીનો મહાપ્રસાદ

## ઓક્ટોબર ૮, શનિવાર, સાંજના ૫ થી ૮

**પી. એસ. ૨૨૦, ફોરેસ્ટ હિલ્સ, ક્વીન્સ, ન્યુ યોર્ક**

માતાજીની કૃપા અને હરિભક્તોના સહકારથી માતાજીનો મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. ચાલુ સાલના માતાજીના મહાપ્રસાદની સેવા નોંધાઈ ગઈ છે. ૨૦૧૨ના વર્ષનો મહાપ્રસાદ બનાવવાની જે સત્સંગીજનોની ઇચ્છા હોય તેમણે પરમ ભગવદીય શ્રી ડાહ્યાભાઈનો નવરાત્રીમાં સંપર્ક કરવો. માતાજીના પ્રસાદમાં લાડૂ, પૂરી, દાળ, ભાત, શાક, વાલ, ફૂલવડી, પાપડ-પાપડી, અથાણું, મઠો અને મુખવાસ રાખવામાં આવ્યા છે. માતાજીનો પ્રસાદ બનાવનાર ભગવદીય સત્સંગીને નવરાત્રીમાં એક દિવસ માતાજીની આરતી ઉતારવાનો લાભ મળશે. પ્રસાદ બનાવવામાં પવિત્રતા જાળવી રાખી, લસણ-ડૂંગળી નાખવા નહીં.

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડાહ્યાભાઈ | ૭૧૮-૯૯૭-૦૧૫૧ | ચંદુભાઈ | ૭૧૮-૯૬૨-૧૦૧૪ | ગણપતભાઈ | ૭૧૮-૩૪૩-૫૨૧૨ |
| હંસાબેન | ૭૧૮-૮૩૦-૯૨૪૮ | ભિખીબેન | ૭૧૮-૩૪૭-૪૭૯૮ | પુષ્પાબેન | ૭૧૮-૮૯૭-૩૦૭૮ |

--------------------

# દિવાળી પંચાંગ

| | | | |
|---|---|---|---|
| ધનતેરસઃ | ઓક્ટોબર ૨૪, સોમવાર | કાળીચૌદસઃ | ઓક્ટોબર ૨૫, મંગળવાર |
| લક્ષ્મીપૂજન મુહૂર્તઃ | સવારના ૬:૦૦ થી ૭:૩૦, | દિવાળીઃ | ઓક્ટોબર ૨૬, બુધવાર |
| | ૯:૧૦ થી ૧૦:૪૦ | નૂતન વર્ષઃ | ઓક્ટોબર ૨૭, ગુરુવાર |
| | બપોરે ૧:૫૦ થી ૭:૪૩ | ભાઈબીજઃ | ઓક્ટોબર ૨૮, શુક્રવાર |
| | | લાભપાંચમઃ | ઓક્ટોબર ૩૧, સોમવાર |

**કેન્દ્રના મેમ્બર થવા અને એડ્રેસ ચેન્જઃ**

- આધ્યાત્મિક વિકાસ કેન્દ્રના મેમ્બર થવા માટે કોઈપણ જાતની ફી રાખવામાં આવી નથી. મેમ્બર થવા માટે એક સાદુ મેમ્બરશીપ (Membership) ફોર્મ ભરવાનું હોય છે. કેન્દ્રના મેમ્બર થવા માટે અને એડ્રેસ (સરનામુ) બદલાવવા માટે શ્રી રોહિતભાઈ મજમુદારનો ૬૪૬-૬૬૭-૯૦૪૬ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. ખોટા એડ્રેસને લીધે આપની ટપાલ પાછી આવે છે અને તમને કેન્દ્રના સમાચાર મળતા નથી. તદ્ઉપરાંત કેન્દ્રને ખોટો ખર્ચ થાય છે. આથી ખોટા એડ્રેસને લીધે તમારી ટપાલ પાછી આવશે તો, આપની મેમ્બરશીપ કેન્સલ કરવામાં આવશે. આપ કેન્દ્રના મેમ્બર હોય અને આપને કેન્દ્રની ટપાલ ના મળતી હોય તો શ્રી રોહિતભાઈ મજમુદારનો સંપર્ક કરશો.

# SPIRITUAL DEVELOPMENT CENTER

## આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર ઉજવે છે

# નૂતન વર્ષ અને અન્નકૂટ મહોત્સવ-૨૦૧૧

## નવેમ્બર ૫, શનિવાર, સાંજના ૪ થી ૧૦

**પી. એસ. ૨૨૦, ફોરેસ્ટ હિલ્સ, ક્વીન્સ, ન્યુ યોર્ક**

ભારતમાતાની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રણાલિકાઓને જાળવી રાખી, પરમાત્માની કૃપા પ્રાપ્તિના પવિત્ર આશયથી નૂતન વર્ષ અને અન્નકૂટની ઉજવણીનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | સ્ટેજ અને અન્નકૂટ સજાવટ ................. | ૩ થી ૪ |
| ૨. | આહ્વાહન - સ્તુતિ ........................ | ૪ થી ૪:૩૦ |
| ૩. | પ્રાસંગિક ભજન-કીર્તન-કથા ................. | ૪:૩૦ થી ૫:૩૦ |
| ૪. | સાંસ્કૃતિક કાર્યક્રમ........................ | ૫:૩૦ થી ૭ |
| ૫. | ઇનામવિતરણ - આભારવિધિ ................. | ૭ થી ૭:૩૦ |
| ૬. | થાળ-આરતી................................. | ૭:૩૦ થી ૮ |
| ૭. | મહાપ્રસાદ - ભોજન સમારંભ ................. | ૮ થી ૯:૩૦ |
| ૮. | સાફસૂફી - વિસર્જન ......................... | ૯:૩૦ થી ૧૧ |

**અન્નકૂટ પ્રસાદઃ**

- અન્નકૂટમાં ભગવદીય હરિભક્તો પોતાની ઇચ્છા પ્રમાણે પ્રસાદ લાવી શકે છે. પ્રસાદની વધુ વિગત માટે પરમ ભગવદીય હંસાબેન, મીનાબેન, પુષ્પાબેન અને ભીખીબેનનો સંપર્ક નવરાત્રી દરમ્યાન કરવા વિનંતી છે.
- અન્નકૂટના મુખ્ય પ્રસાદમાં મગજ-મોહનથાળ-બરફી, પૂરી, શાક, દાળ, ભાત, મઠો અને ફરસાણ રાખવામાં આવેલ છે. મુખ્ય પ્રસાદ બનાવવાની ઇચ્છા જે સત્સંગીઓની હોય તેમણે પરમ ભગવદીય શ્રી ડાહ્યાભાઈનો ૭૧૮-૯૯૭-૦૧૫૧ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. મુખ્ય પ્રસાદ બનાવનાર ભગવદીય સત્સંગીજનોને આરતી ઉતારવાનો લાભ મળશે. પ્રસાદ બનાવવામાં પવિત્રતા જાળવી રાખી, લસણ-ડૂંગળી નાખ્યા વિના ભાવપૂર્વક પ્રસાદ બનાવવા માટે વિનંતી છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમઃ**

- સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે શ્રી વિરેન્દ્રભાઈ બેન્કરનો ૭૧૮-૪૬૮-૫૯૯૯ અથવા શ્રી ડાહ્યાભાઈનો ૭૧૮-૯૯૭-૦૧૫૧ ઉપર ઓક્ટોબર ૨૯ પહેલાં ફોન કરી સંપર્ક કરવા વિનંતી છે. ચાલુ સાલના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારને કેન્દ્રના એક પરમ ભગવદીય હરિભક્ત તરફથી ભેટ આપવામાં આવશે. કેન્દ્ર તેમનો આભાર માને છે. આપની ઇચ્છા આવતી સાલના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારને ભેટ આપવાની હોય તો શ્રી ડાહ્યાભાઈનો સંપર્ક કરવા વિનંતી છે.

# નવા વર્ષનો સાલમુબારક સમારંભ

- ઓક્ટોબર ૨૭, ગુરુવાર, સવારના ૧૦:૦૦ વાગે, પરમ ભગવદીય પ્રજ્ઞાબેન અને જિતેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને ૬૬-૦૬, ૧૧૦ સ્ટ્રીટ, એપાર્ટમેન્ટ ૩એ, ફોરેસ્ટ હિલ્સમાં રાખેલ છે. સાલમુબારક સમારંભની સેવા માટે કેન્દ્ર તેમનો આભાર માને છે. સર્વે હરિભક્તોને સાલમુબારક સમારંભમાં આવવા તેમનું અને આધ્યાત્મિક વિકાસ કેન્દ્રનું હાર્દિક આમંત્રણ છે.

# આધ્યાત્મિક વિકાસ કેન્દ્રનો અહેવાલ

આધ્યાત્મિક વિકાસ કેન્દ્રની સ્થાપના જુલાઈ ૧૯૭૫માં ગુરૂપૂર્ણિમાના શુભ દિવસે, મુંબઈના માનવ મંદિરના સંસ્થાપક અને લોકપ્રિય સંત શ્રી દેવેન્દ્રવિજય (જય ભગવાન) મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી કરવામાં આવી હતી. આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર એક બિનસાંપ્રદાયિક સંસ્થા છે અને તે કોઈપણ સંસ્થા સાથે સંકળાયેલ નથી. આર્ય સંસ્કૃતિના સંસ્કારો જાળવી રાખવા અને પ્રભુપ્રેમ, સદાચાર, આધ્યાત્મિક તેમજ પરોપકારની ભાવનાનું ઘડતર થાય તેવા ઉમદા હેતુને લક્ષમાં રાખી કેન્દ્ર ૩૬ વર્ષથી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ હરિભક્તોની અણમોલ સેવાઓથી કરે છે. કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી.

પરમાત્માની કૃપા અને હરિભક્તોના સહકારથી વર્ષ દરમિયાન ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો સુંદર રીતે ઉજવાયા હતા. કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ અને ઉજવાયેલા પ્રસંગોની ઝાંખી રૂપરેખા આપના કરકમલમાં મૂકતાં અનેરો આનંદ થાય છે.

**શુક્રવારનું ભજન-કીર્તનઃ**

- પ્રભુકૃપાથી આધ્યાત્મિક વિકાસ કેન્દ્રનું ભજન-કીર્તન અને ધાર્મિક પ્રવચન દર શુક્રવારે રાત્રે ૮:૩૦ થી ૧૦.૩૦ સુધી થાય છે. જુલાઈ ૧૯૭૫માં કેન્દ્રની સ્થાપના થઈ ત્યારથી આજદિન સુધી (૩૬ વર્ષથી) શુક્રવારનું ભજન-કીર્તન અખંડિત ચાલુ રાખવામાં હરિભક્તોની સેવાઓ અને સહકાર અણમોલ છે. કેન્દ્ર આ બધા જ હરિભક્તોનો આભાર માને છે.
- જન્મદિન, લગ્નદિન, પૂણ્યતિથિ, નવું મકાન, ધંધો વિગેરે શુભ કાર્યની શરૂઆતમાં અને સત્સંગ માટે શુક્રવારનું ભજન પોતાના નિવાસસ્થાને રાખવામાં હરિભક્તોનો ઉત્સાહ ઘણો છે. નવરાત્રી દરમ્યાન આગામી વર્ષનું ભજન કેલેન્ડર ભરાઈ જાય છે. શુક્રવારનું ભજન આપના નિવાસસ્થાને રાખવા શ્રી ડાહ્યાભાઈનો ૭૧૮-૯૯૭-૦૧૫૧ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

**દાનગંગાનો પ્રવાહઃ**

- સત્સંગીજનો પોતાના પરસેવાની કમાણીના પૈસા શુદ્ધભાવે અને પવિત્ર આશયે દેવાર્પણ કરે છે. આ દાનના વધુ પૈસાનો સદુપયોગ સત્કાર્યોમાં પ્રભુ પ્રસન્નાર્થે થાય તે માટે સંસ્થાનું વહીવટી મંડળ ઉજવાતા પ્રસંગોમાં હરિભક્તોની સેવાઓ મેળવી સંસ્થાનો વહીવટીય ખર્ચ ઓછામાં ઓછો થાય તેની અત્યંત કાળજી રાખે છે. દાન માટે આવેલ વિનંતીઓની કેન્દ્રના વહીવટી મંડળમાં અને હરિભક્તો સાથે ચકાસણી કરવામાં આવે છે. દાન માટે માગણી કરતી સંસ્થાઓની પૂરેપૂરી તપાસ કરી જે સત્કાર્ય માટે દાનની માગણી કરી હોય તેની યોગ્યતાની ખાતરી કર્યા પછી દાન કરવામાં આવે છે.
- જુલાઈ ૧૯૭૫માં કેન્દ્રની સ્થાપના થઈ ત્યારથી આજદિન સુધીમાં પ્રભુપ્રેરણાથી હરિભક્તોએ કરેલા દાનમાંથી હજારો ડોલરનું દાન વિવિધ સત્કાર્યો જેવા કે કેન્સરની ટ્રીટમેન્ટ, કેટ સ્કેન, આંખોના દર્દના કેમ્પ, વિદ્યાદાન, ડાયાલીસીસ સેન્ટર, સુનામી, હરીકેન અને ધરતીકંપ રાહત, હોસ્પિટલ, પ્રસુતિગૃહ, આરોગ્યકેન્દ્ર, સારવાર ખંડ, બાલમંદિર, પ્રાર્થનાખંડ અને પ્રભુદર્શન માટે મંદિર બાંધવામાં, ચક્ષુહીન બેનો અને આંખના દર્દીઓની સેવામાં, પોલિયો, રક્તપિત્ત અને મંદ બુદ્ધિવાળા દર્દીઓની સેવામાં, છાશ વિતરણ, વૃદ્ધ, અનાથ, દુઃખીજનો અને ગરીબોને ભોજન અને દવા વિગેરે પવિત્ર કાર્યો માટે કરેલ છે.
- પ્રભુ પ્રસન્નાર્થે આપે કરેલા દાનમાંથી ૨૦૧૦ના વર્ષમાં કેન્દ્રે ૧૮,૩૦૦ ડોલરનું દાન ગરીબો માટે કેટ્રેકના ઓપરેશન, છાશ વિતરણ, પોલીયો, મંદબુદ્ધિ અને રક્તપિતિયાના દર્દીઓની દવાઓ અને ભોજન માટે, હેટી ધરતીકંપમાં ભોજન, દવા, પાણી, ટેન્ટ્સ માટે અને વિદ્યાદાનના સત્કાર્યોમાં કર્યું છે.
- આપ ઇચ્છા પ્રમાણે દાન કરી, દાનગંગાના આ પવિત્ર પ્રવાહમાં ભાગીદાર થઈ ઇશ્વરકૃપા મેળવી શકો છો. આપના દાનનો ચેક Spiritual Development Center, Inc. ના નામે લખશો. કેન્દ્રને કરેલ તમારું દાન ઇન્કમટેક્સ મુક્ત છે. વધુ માહિતી માટે પરમ ભગવદીય શ્રી ડાહ્યાભાઈ અથવા વહીવટી મંડળના સભ્યનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉજવાયેલા તહેવારોઃ

પરમાત્માની અસીમ કૃપા અને આપ સર્વે ભગવદીય હરિભક્તોના અણમોલ સહકારથી વર્ષ દરમિયાન નીચેના ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો અતિ સુંદર રીતે ઉજવાયા હતા. કેન્દ્ર આ બધા જ સેવાભાવી હરિભક્તોનો આભાર માને છે.

- નવરાત્રી અને માતાજીનો મહાપ્રસાદ (Dinner). દુર્ગાષ્ટમીનો હવન પરમ ભગવદીય મંદાકિનીબેન અને બાબુભાઈ પટેલના નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો.
- નૂતન વર્ષની ઉજવણી - અન્નકૂટ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાપ્રસાદ (Dinner). સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારને એક ભગવદીય હરિભક્ત તરફથી ઈનામો આપવામાં આવ્યાં હતાં.
- નવા વર્ષનો સાલમુબારક સમારંભ ભગવદીય માલાબેન અને અલકેષભાઈ વ્યાસના નિવાસસ્થાને યોજાયો હતો.
- તુલસીવિવાહની ઉજવણી પરમ ભગવદીય પદ્માબેન અને મુકુન્દભાઈ મહેતાના નિવાસસ્થાને કરવામાં આવી હતી.
- મહાશિવરાત્રીની ઉજવણી પરમ ભગવદીય મોનાબેન અને ઇશ્વરભાઈ પટેલના નિવાસસ્થાને કરવામાં આવી હતી.
- હોળી-ધૂળેટીની ઉજવણી પરમ ભગવદીય શોભનાબેન અને શ્યામભાઈ કલેન્ટ્રીના નિવાસસ્થાને થઈ હતી.
- સ્વામીનારાયણ જયંતિ અને રામનવમીની ઉજવણી ભગવદીય સરોજબેન અને શશીકાન્તભાઈ પટેલના નિવાસસ્થાને કરવામાં આવી હતી.
- હનુમાન જયંતિની ઉજવણી પરમ ભગવદીય પુષ્પાબેન અને રમેશભાઈ પટેલના નિવાસસ્થાને કરી હતી.
- પિકનિકઃ વેલી સ્ટ્રીમ સ્ટેટ પાર્કમાં સવારના દશથી સાંજના સાત વાગ્યા સુધી થઈ હતી. ચાલુ વર્ષની પિકનિક પરમ ભગવદીય ગીતાબેન અને મોહનભાઈ પટેલે સ્પોન્સર કરી હતી. ઉજાણીની રમતગમતોના વિજેતાઓને ભગવદીય સુનીલભાઈ પરીખ અને તેમના ન્યુ યોર્ક / ન્યુ જર્સીના મિત્રો તરફથી ઈનામો વહેંચવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત પિકનિકમાં બીજા હરિભક્તોએ વિવિધ પ્રકારની અમૂલ્ય સેવાઓ આપી હતી.
- ગુરુપૂર્ણિમાની ઉજવણી પરમ ભગવદીય રેવાબેન પટેલના નિવાસસ્થાને કરી હતી.
- જન્માષ્ટમીની ઉજવણી પરમ ભગવદીય રસીલાબેન અને માણેકભાઈ પટેલના નિવાસસ્થાને કરવામાં આવી હતી.

## યુવક ગ્રૂપ (Young Adults Group):

- આધ્યાત્મિક વિકાસ કેન્દ્રે યુવક ગ્રૂપની સ્થાપના કરી છે. આ ગ્રૂપમાં ૧૮થી ૫૦ વર્ષના યુવક ભાઈ-બહેનોનો સમાવેશ કરવામાં આવે છે. પ્રભુ ભક્તિ અને સેવાનાં પવિત્ર કાર્યો કરતા કેન્દ્રનો સત્સંગ છત્રીસ (૩૬) વર્ષથી અવિરત ચાલે છે. યુવકો કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે અને તેને હરહંમેશ ચાલુ રાખવામાં મદદ કરે એવા પવિત્ર આશયથી આ ગ્રૂપની સ્થાપના કરવામાં આવી છે.

## આધ્યાત્મિક વિકાસ કેન્દ્રની વેબસાઈટઃ (www.avkny.com)

- યુવાન બાળકો અને હરિભક્તો કેન્દ્રની પ્રવૃત્તિઓમાં સંકળાય એ હેતુને લક્ષમાં રાખી કેન્દ્રની વેબસાઈટ શરૂ કરેલ છે. કેન્દ્રનું વેબસાઈટ એડ્રેસ www.avkny.com છે. વેબસાઈટ ઉપર આપને શુક્રવારના ભજનનું કેલેન્ડર, આખા વર્ષના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું કેલેન્ડર, શ્રદ્ધાંજલિ, ઉજવાયેલા પ્રોગ્રામોના પિક્ચર્સ, મૂવી ક્લિપ, ઝાંખી રૂપરેખા અને સંસ્થાના સમાચાર જાણવા મળશે. બાળકોના માતા-પિતાને વિનંતી છે કે કેન્દ્રની વેબસાઈટનો ઉપયોગ કરી તમારા બાળકોને કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહન આપશો. કેન્દ્રની વેબસાઈટ શરૂ કરવામાં અને તેને ચાલુ રાખવામાં પરમ ભગવદીય શ્રી વિરેન્દ્રભાઈ તથા સુનંદાબેન બેન્કરની સેવા અમૂલ્ય છે. વેબસાઈટની વધુ માહિતી માટે શ્રી વિરેન્દ્રભાઈનો ૭૧૮-૪૬૮-૫૯૯૯ ઉપર ફોન કરી સંપર્ક કરવો.

આધ્યાત્મિક વિકાસ કેન્દ્રના વહીવટી મંડળમાં નીચેના હરિભક્તો સેવા આપી રહ્યા છે.

## ટ્રસ્ટી મંડળ (Founder Members)

| | | |
|---|---|---|
| સુરેશભાઈ પટેલ | કમુબેન આર. પટેલ | જયંતભાઈ પટેલ |
| પુષ્પાબેન ડી. પટેલ | મીનાબેન બી. પટેલ | પુષ્પાબેન આર. પટેલ |
| મુકુન્દભાઈ મહેતા | હંસાબેન પટેલ | દિપકભાઈ પટેલ |
| કિરીટભાઈ ત્રિવેદી | હેમેશભાઈ ધ્રુવ | |

## નિયામક સમિતિ (Board of Directors)

કમુબેન આર. પટેલ — સુરેશભાઈ પટેલ — પુષ્પાબેન ડી. પટેલ

## વહીવટી મંડળ (Executive Committee)

| | | | |
|---|---|---|---|
| પ્રમુખઃ | ડાહ્યાભાઈ પટેલ | મુખ્યમંત્રીઃ | રોહિતભાઈ મજમુદાર |
| ઉપપ્રમુખોઃ | ગણપતભાઈ મિસ્ત્રી (ધાર્મિક પ્રવૃત્તિઓ) | સહમંત્રીઃ | શાન્તાબેન પટેલ |
| | ભિખીબેન પટેલ (સમાજ સંપર્ક) | ખજાનચીઃ | પ્રકાશભાઈ પટેલ |
| | | સહખજાનચીઃ | અનસુયાબેન પટેલ |

## હિસાબ સમિતિ (Audit Committee)

કાન્તિભાઈ પટેલ — ભૂપેન્દ્રભાઈ પટેલ — નરેન્દ્રભાઈ શાહ

## કાર્યક્રમ સંચાલકો (Program Coordinators)

વિરેન્દ્રભાઈ બેન્કર — મહેશભાઈ (ચંદુભાઈ) પટેલ

## ધાર્મિક પૂજાવિધિ (Religious)

નિખિલભાઈ ત્રિવેદી

## ૨૦૧૦નો વાર્ષિક હિસાબઃ

| | | | | |
|---|---|---|---|---|
| આવકઃ | દાનઃ | $ ૨૪,૧૧૩ | વ્યાજઃ | $ ૫ |
| જાવકઃ | દાનઃ | $ ૧૮,૩૦૦ | પ્રોગ્રામ ખર્ચઃ | $ ૫,૦૯૪ |
| | પોસ્ટેજઃ | $ ૬૭૧ | પ્રિન્ટિંગ અને સપ્લાઇઝઃ | $ ૫૬૦ |
| | પરચૂરણ ખર્ચ | $ ૩૦ | ઘસારો | $ ૯૬૬ |
| આવક કરતાં ખર્ચનો વધારોઃ | | $ ૧,૫૦૩ | | |
| કેસ અને બેંક બેલેન્સઃ | | $ ૨,૨૬૦ | સાધનો | $ ૨,૬૦૭ |

આભારઃ આપ સર્વે ભગવદીય સત્સંગીઓ કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં સેવાઓ અને સહકાર આપી, તેની ઉજ્જવળ સફળતામાં સહભાગી થયા છો, તે બદલ આપ સર્વેનો ઘણો જ આભાર. પ્રભુભક્તિ અને સેવાના પવિત્ર કાર્યો કરતા આપણા કેન્દ્રની જ્યોતને દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રજ્વલિત કરવા, તમારી અણમોલ સેવાઓ અને સહકારનો પ્રવાહ અવિરત ચાલુ રાખશો, એ જ યાચના. આપની ઇચ્છા કેન્દ્રને કોઈપણ પ્રકારની સેવા આપી, સત્કાર્યમાં સહભાગી થવાની હોય તો શ્રી ડાહ્યાભાઈ પટેલનો ૭૧૮-૯૯૭-૦૧૫૧ ઉપર અથવા વહીવટી મંડળના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી છે. આપ સર્વે ભગવદીય સત્સંગીજનોનું સંવત ૨૦૬૮ની સાલનું વર્ષ સુખદાયી, ફળદાયી અને યશદાયી નીવડે એ જ પ્રભુપ્રાર્થના. આપના જીવનની ક્ષણેક્ષણ આનંદિત, નિરોગી અને ભક્તિમય બની સેવાના કાર્યોથી સભર રહે તેવી જગતનિયંતાને પ્રાર્થના સાથે સર્વે ભગવદીય સત્સંગીજનોને વહીવટી મંડળના નૂતન વર્ષાભિનંદન. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વહીવટી મંડળના વંદન
આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર

# ૐ શ્રી અંબા માતાની આરતી ૐ

જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ,
અખંડ બ્રહ્માંડ દિપાવ્યાં (૨) પડવે પ્રગટ્યા મા.
ૐ જયો જયો મા જગદંબે

દ્વિતીયા બેય સ્વરૂપ શિવશક્તિ જાણું, મા શિવ (૨)
બ્રહ્મા ગણપતિ ગાવું (૨) હર ગાવું હર મા.
ૐ જયો જયો મા જગદંબે

તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા, મા ત્રિભુવન (૨)
ત્રયા થકી તરવેણી (૨) તું તરવેણી મા.
ૐ જયો જયો મા જગદંબે

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં, મા સચરાચર (૨)
ચાર ભુજા ચૌદિશા (૨) પ્રગટ્યાં દક્ષિણમાં.
ૐ જયો જયો મા જગદંબે

પંચમી પંચ ઋષિ પંચમી ગુણપદ્મા, મા પંચમી (૨)
પંચ તત્વ ત્યાં સોહીએ (૨) પંચે તત્વો મા.
ૐ જયો જયો મા જગદંબે

ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો, મા મહિષાસુર (૨)
નર નારીના રૂપે (૨) વ્યાપ્યાં સર્વે મા.
ૐ જયો જયો મા જગદંબે

સપ્તમી સપ્ત પાતાળ સંધ્યા સાવિત્રી, મા સંધ્યા (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા. ૐ જયો જયો મા જગદંબે

અષ્ટમી અષ્ટ ભુજા આઇ આનંદા, મા આઇ (૨)
સુરનર મુનિવર જન્મ્યા (૨) દેવ દૈત્યો મા.
ૐ જયો જયો મા જગદંબે

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે (૨)
નવરાત્રીનાં પૂજન, શિવરાત્રીનાં અર્ચન, કીધાં હરબ્રહ્મા.
ૐ જયો જયો મા જગદંબે

દશમી દશ અવતાર, જય વિજયાદશમી, મા જય (૨)
રામે રામ રમાડ્યા (૨) રાવણ રોળ્યો મા.
ૐ જયો જયો મા જગદંબે

એકાદશી અગિયારસ કાત્યાયની કામા, મા કાત્યાયની (૨)
કામદુર્ગા કાલિકા (૨) શ્યામા ને રામા.
ૐ જયો જયો મા જગદંબે

બારસે બાળારૂપ, બહુચરી અંબા મા, મા બહુચરી (૨)
બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ, તારા છે તુજ મા.
ૐ જયો જયો મા જગદંબે

તેરસે તુળજા રૂપ, તમે તારુણી માતા, મા તમે (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા.
ૐ જયો જયો મા જગદંબે

ચૌદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા, મા ચંડી (૨)
ભાવ ભક્તિ કંઇ આપો, ચતુરાઇ કંઈ આપો, સિંહવાહિની માતા.
ૐ જયો જયો મા જગદંબે

પૂનમે કૂંભ ભર્યો સાંભળજો કરુણા, મા સાંભળજો (૨)
વશિષ્ઠ દેવે વખાણ્યા, માર્કન્ડ દેવે વખાણ્યા, ગાઇ શુભ કવિતા.
ૐ જયો જયો મા જગદંબે

સંવત સોળ સત્તાવન સોળસે બાવીસ મા, મા સોળસે (૨)
સંવત સોળે પ્રગટ્યાં (૨) રેવાને તીરે, મા ગંગાને તીરે.
ૐ જયો જયો મા જગદંબે

ત્રંબાવતી નગરી, આઇ રૂપાવતી નગરી, મા મંછાવતી નગરી,
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ (૨)
ક્ષમા કરો ગૌરી, દયા કરો ગૌરી.
ૐ જયો જયો મા જગદંબે

શિવશક્તિની આરતી જે કોઈ ગાશે, મા જે (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ-સંપત્તિ થાશે,
હર કૈલાસે જાશે, મા અંબા દુઃખ હરશે.
ૐ જયો જયો મા જગદંબે

એક અનેક સ્વરૂપ અંતર નવ ધરશો. મા (૨)
ભોળાં ભવાનીને ભજતાં (૨) ભવસાગર તરશો.
ૐ જયો જયો મા જગદંબે

ભાવ ન જાણું, ભક્તિ ના જાણું, નવ જાણું સેવા મા (૨)
આ બાળકને અર્પો તુજ ચરણની સેવા.
ૐ જયો જયો મા જગદંબે

ચુંદડી લાલ ગુલાલ શોભા બહુ સારી મા (૨)
આંગણ કુકડ નાચે (૨) જય બહુચર વાળી.
ૐ જયો જયો મા જગદંબે

**જય મહાકાળી　　જય મહાલક્ષ્મી　　જય મહાસરસ્વતી　　જય અંબે**



# The Spiritual Development Center

*Celebrates*

# NAVRATRI



Date: <u>From</u> Wednesday, September 28 <u>To:</u> Wednesday, October 5

Time: Every night From: 8 pm <u>To:</u> 11 pm.

Place: Public School 220, 62-10, 108 Street, Forest Hills, NY 11375

Located at the corner of Horace Harding and 108 Street (South side of L.I. Expway & 108 St.)

## Navratri Prasad (Dinner)

Date & Time: Saturday, October 8 From: 5 pm To: 8 pm

Place: Public School 220, 62-10, 108 Street, Forest Hills, NY 11375

## Annakut, Cultural Program & New Year Prasad (Dinner)

Date & Time: Saturday, November 5 From: 4 pm To: 10 pm

Place: Public School 220, 62-10, 108 Street, Forest Hills, NY 11375

Notes: (1) Please Call Dahyabhai Patel at 718-997-0151 to participate in cultural program. Prizes will be distributed to the Participants. (2) You can bring Prasad during Navratri and Annakut Programs. (3) There is no fee for the above programs. If you wish you can write tax deductible donation check to Spiritual Development Center Inc.

Milestone: In the month of July 2011 your Center completed 36 years of non-stop Friday Prayers and religious, social and cultural activities. Your Center requests young adults to extend their seva (Time) to continue the flame of your center for ever. This will enormously benefit you and your children.

MAY GOD RESIDE IN OUR HEARTS AND BRIGHTEN OUR PATH.


Spiritual Development Center Inc.
105-31, 63 Drive
Forest Hills, NY 11375-1601
www.avkny.com


PLACE
STAMP
HERE

To